કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા 'રાષ્ટ્રીય પોષણ મહિના' અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા ભારત સરકાર દ્વારા જાહેર કરેલ ત્રીજા "રાષ્ટ્રીય પોષણ મહિના" અંતર્ગત જીલ્લાના વાસણ, ખરણા અને જલુંદ ગામોમાં પૌષ્ટીક વાનગી સ્પર્ધા કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમનો ખાસ હેતુ લોકોમાં પોષણયુક્ત આહાર અંગે જાગૃતતા લાવવાનો હતો. આ સ્પર્ધામાં ગામની બહેનો અને આંગણવાડી કાર્યકર્તા બહેનો દ્વારા વિવિધ પૌષ્ટિક વાનગીઓ જેવી કે દહીં-થેપલા, બાજરાના લોટની સુખડી, મગની દાળનો શીરો, દુધીનો હલવો, ખાંડવી, દાલબાટી, ખીચું, ફુટ-વેજીટેબલ સલાડ,ફણગાવેલ મગ, મુઠીયા, હાંડવો જેવી અનેક પૌષ્ટિક વાનગીઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં કેન્દ્રના વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા પોષણયુક્ત આહાર અને તેનું મહત્વ તેમજ ન્યુટ્રીશનલ કિચન ગાર્ડન વિષય પર તેમજ ડો પ્રભાતસિંહ જાદવ દ્વારા કુપોષણમુક્ત ભારતમાં પોષણયુક્ત આહારના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમોમાં ગામની પ્રાથમિક શાળાના આચાર્ય અને અન્ય શિક્ષકમિત્રો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કાર્યક્રમને અંતે સ્પર્ધક મહિલાઓને પ્રોત્સાહનના ભાગરૂપે ઈફ્કો કંપનીના સહયોગથી શાકભાજી બિયારણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું

બીબીએ કૉલેજ દ્વારા 'સ્વચ્છતા દિવસ'ની ઓનલાઈનના માધ્યમથી ઉજવણી કરાઈ

બીબીએ કોલેજના NSS યુનિટ દ્વારા "સ્વચ્છ ઘર સ્વસ્થ પરિવાર"ને ચરિતાર્થ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજઓફ બીજનેસ ઍડમીનીસ્ટ્રેશન (બીબીએ) કૉલેજ દ્વારા સ્વચ્છતા દિવસની ઉજવણી કરી અનુકરણીય ઉદાહરણ પૂરુ પાડ્યુ હતું. આ ના કાર્યક્રમમાં ૧૯૮ વિદ્યાર્થીઓ ઘરની સફાઈ કરી અને ઓનલાઈન માધ્યમથી કોલેજ સાથે જોડાયા. વિદ્યાર્થીઓમાં તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા અને "સ્વચ્છ ભારત શ્રેષ્ઠ ભારત" બનાવવા બીબીએનાં તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી રમાકાન્ત પૃષ્ટિ સંસ્થાનાં આચાર્યદ્વારા જણાવાયુ હતુ કે જીવન માં કોઈ કાર્યમાં નાનપ અનુભવાય નહી દરેક કાર્ય નું આગવુ મહત્વ હોય છે. તેવુ તેમજ સ્વચ્છતાનાં ફાયદા જણાવતા વધુમાં કહ્યુ હતુ કે આરોગ્યનાં પ્રશ્નોમાં પણ સ્વચ્છતા ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. તેમજ ત્યારબાદ વિદ્યાર્થીઓ તેમના રૂમ અભ્યાસ કરવાની જગ્યા, કપડાં તેમજ બુક માટેની તિજોરી. બેડશીટ્સ, બેઠક ખંડ, રસોડુ, સ્ટોર રૂમ, ધાબું, સીડી, કંપાઉન્ડ જેવી વિવિધ જગ્યાઓની ઉત્સાહ પૂર્વક અને કાળજી સાથે સફાઈ કરી. વિવિધ ભાગમાંથી કચરો ભેગો કર્યો. અત્રે કાર્યક્રમનું સંકલન ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને

વાપરાયેલી પ્લાસ્ટીકની પેન હોય તો કચરપેટીમાં ફેકવાના બદલે અમને આપો તેમજ તમારી આજુબાજુ પ્લાસ્ટીકનો કચરો તેમજ અન્ય કચરો ભેગો કરી અમને આપો. અને આ પ્લાસ્ટિક રિસાયકલિંગ માટે મોકલવા માં આવે તેમ જણાવ્યુ હતું. આમ દરેકે ઘરમાંથી ઘણોબધો કચરો ભેગો કરી વિદ્યાર્થીઓ એ ઉદાહરણ સ્થાપિત કર્યુ. સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીઓ અભિભૂત થયા હતા. અને હતુ તેમજ હાલની પરિસ્થિતી યોગ્ય થાય ત્યારબાદ પોતના રહેણાક વિસ્તાર કે શાળા-કૉલેજ અને અન્ય જાહેર સ્થળો જેવા કે રેલવેસ્ટેશન, બસસ્ટેશન,આરોગ્ય કેન્દ્ર જેવી જગ્યાઓ પર પંહોચી સફાઈ માટે લોકો ને જાગૃત કરવા નું સ્વીકાર્યુ હતુ. તેમજ પ્રદુષણ, ગ્લોબલ વોર્મિંગ જેવા અનેક આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પણ ગંદકી નાં કારણે ગંભીર બન્યા છે. જે બાબત ચિંતા ઉપજાવનારી છે.સમાજ નાં લોકો ને શહેરી વિસ્તાર જેમા સ્લમ ઍરિયા, ઔધોગીક વિસ્તાર, ચાલી, પોળ જેવા વિસ્તારોમાં લોકોને જાહેર સ્થળો પર તેમજ ઘરમાં પણ સફાઈની જાળવણી રાખવા જાગૃત કરીશુ. તેમજ ગ્રામ્ય વિસ્તાર માં ખુલ્લી ગટર, ખુલ્લામાં શૌચાલય નો ઉપયોગ ન કરતા અંડર ગ્રાઉંડ ગટર તેમજ,ગામમાં પાકા રસ્તા તથા સૌચાલય માટે સરકારી મદદ મેળવી સ્વચ્છતા જાળવવા પ્રયત્નો કરવા જોઈએ ઉકરડા રહેણાક વિસ્તારમાં ન નાખવા લોકોને સમજાવવા દરેક વ્યક્તિ એક પરિવાર ને અને પરિવાર મહોલ્લા ને તેમજ મહોલ્લો ગામ ને સુધારી શકશે અને સ્વચ્છ ગામ બનશે તો રાષ્ટ્ર પણ જરૂર થી સ્વચ્છ બનશે.

કૉલેજ તરફથી આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ ડૉ.જયેશ તન્ના, દ્રજીજી પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ ડો આશિષભુવા,ડો નિવેદિતારાવલ,પ્રોગોપી પંડ્યા તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળ બનાવવા માં આવ્યુ હતુ.

ગોકુલ ગ્લોબલ યુનિ. દ્વારા સ્વાસ્થ્ય-શિક્ષણ અને સંસ્કારનો સેમિનાર યોજી વડાપ્રધાનનો જન્મદિવસ ઉજવાયો

ચિલોડા, તા. ૧૯

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા સપ્તાહ ઉજવણીના ભાગરુપે ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી દ્વારા સ્વાસ્થ્ય-શિક્ષણ અને સંસ્કારનો એક સેમિનાર યોજાયો હતો. જેમાં યુનિવર્સિટીના ૨૦૦ થી વધુ ફેકલ્ટી મેમ્બર્સ સોશિયલ ડિસ્ટન્ટ જાળવીને સવા બે કલાક સુધી કાર્યક્રમને ભરપૂર માણ્યો હતો.

મુખ્ય વક્તા તરીકે વી કેર ફાઉન્ડેશનના અધ્યક્ષ જે સી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. પ્રશાંતભાઈ અને ડૉ. દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

અંતમાં વાઈસ ચાન્સેલર ડૉ. દ્વિવેદી અને ડાયરેકટર મેડમ તેજલબા રાજપુત દ્વારા ગોકુલ એવોર્ડ જે સી પટેલને એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે સમગ્ર મહાનુભાવો એ તાળીઓના ગણગણાટથી કાર્યક્રમને વધાવી પૂર્ણ કર્યો હતો.

આઈઆઈટી ગાંધીનગર દ્વારા જેઈઈ, એડવાન્સ પરીક્ષાના ઉમેદવારોને રાત્રીરોકાણની સુવિધા પૂરી પાડવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

વર્તમાન રોગચાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જેઈઈ એડવાન્સ પરીક્ષાના ઉમેદવારોને આંશિક સપોર્ટ મળી રહે તે હેતુથી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર આવા ઉમેદવારોને તેમના માતાપિતાની સાથે કેમ્પસમાં રાત્રી રોકાણની સુવિધા પુરી પાડશે. જે ઉમેદવારોના પરીક્ષા કેન્દ્ર ગાંધીનગર અથવા અમદાવાદ ખાતે હોય તેમને રાત્રી રોકાણ માટે આઈઆઈટી, ગાંધીનગર વેબસાઈટ https://www.iitgn.ac.in/jeeaes ઉપર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

આઈઆઈવી, ગાંધીનગરના ડાયરેકટર પ્રો.સુધીર જૈને જણાવ્યું હતું કે જે ઉમેદવારોનું એકઝામ સેન્ટર તેમના ઘરેથી દૂર હોય છે તેમને સુરક્ષિત રોકાણ માટે ખૂબ ચિંતા હોય છે. જેથી આ સંવેદનશીલ પરિસ્થિતિમાં આ સંસ્થા ઉમેદવારોને રાત્રિ રોકાણ માટેની સુવિધા પૂરી પાડવા મહદ્‌અંશે મદદ માટે સહભાગી થશે.

SSIP & ETI, ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે

'આત્મનિર્ભર ભારત ગાંધી વિચારના સંદર્ભમાં' વેબીનારનું આયોજન

ચિલોડા, તા. ૧૯

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના હેઠળ PIB & ROB, પ્રાદેશિક લોકસંપર્ક બ્યુરો, માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, SSIP & ETI, ગૂજરાત વિધાપીઠના સંયુક્ત ઉપક્રમે આયોજિત વેબીનાર "આત્મનિર્ભર ભારત ગાંધી વિચારના સંદર્ભમાં"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષ તરીકે ડૉ ધીરજ કાકડિયા એડીશનલ એ.ડી. જી, પ્રાદેશિક લોકસંપર્ક બ્યુરો, માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર અને મુખ્ય વક્તા નારાયણભાઈ માધુ - જોઈન્ટ કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, માનદ નિયામક વિસ્તરણ વિભાગ, ગૂજરાત વિધાપીઠ હાજર રહ્યા હતા સ્વાગત પ્રવચન ડૉ. અજયભાઈ પરીખ - સંયોજક, SSIP, ગૂજરાત વિધાપીઠે આપ્યું હતું અધ્યક્ષ તરીકે ડૉ. ધીરજ કાકડિયા પોતાના વક્તવ્યમાં ગાંધી વિચારની વિસ્તૃત ચર્ચા કરી હતી અને કેવી રીતે યુવાનો ગાંધી વિચારને સાકડી પોતાના વેન્ચર શરુ કરી શકે છે અને ગાંધીજી દ્વારા બતાવેલ આદર્શો પ્રમાણે પર્યાવરણ સાથે સમતોલન સાધી વર્તમાન પરિસ્થિતિઓમાં સોલર ઉર્જા, જળ સરંક્ષણ, જેવીક ખેતી, ધાબા પર ખેતી, જમીન સંરક્ષણના ક્ષેત્રોમાં પોતાનું વેન્ચર શરુ કરી શકે છે જયારે મુખ્ય વક્તા નારાયણભાઈ માધુ - જોઈન્ટ કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારે ભારત દેશની સંસ્કૃતિની સાથે સાકડીને પોતાના રોજગાર ઊભું કરી શકે છે અને આજ ભારત અને ગુજરાત રાજયના ઉચ્ચ શિક્ષણમાં ભળતા વિધાર્થીઓને કઈ દિશામાં સંશોધન કરવા જોઈયે તેની માહિતી પણ આપી હતી સ્વાગત પ્રવચનમાં ડૉ. અજયભાઈ પરીખ - સંયોજક, SSIP, ગૂજરાત વિધાપીઠે પૂર્વભૂમિકા તરીકે ગૂજરાત વિધાપીઠના શિક્ષણમાં ગાંધીજીએ ઉધોગ શિક્ષણને પ્રાથમિકતા આપી હતી અને આજે પણ ગૂજરાત વિધાપીઠમાં વિવિધ પ્રકારના ઉધોગો શીખવાડવામાં આવે છે અને વડાપ્રધાન પ્રધાન નરેન્દ્ર મોદીજીએ આ યોજના મુકવા પાછળના હેતુઓ ખુબજ વિસ્તૃત રીતે વિધાર્થીઓ સામે રજુ કર્યું હતું. જયારે ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, નિયામક વિસ્તરણ વિભાગ, ગૂજરાત વિધાપીઠે પોતાના સંબોધનમાં વિધાર્થીઓને પોતાના સ્ટાર્ટઅપ દ્વારા કેવી રીતે સંપોષિત વિકાસ થઈ શકે તે વિષય ગહનતા સાથે પ્રકાશ પાડ્યું હતું અને આ વિચારથી શરુ થયેલ વિવિધ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટોની માહિતી વિધાર્થીઓ સાથે શેયર કરી હતી અને તેમને ગાંધી વિચાર તરફ વિચારતા એક અનેરો માર્ગ આપ્યું હતું અને ગાંધીવિચારના સંદર્ભમાં પોતાના વેન્ચર અને સ્ટાર્ટઅપ શરુ કરે તેવા પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું વેબીનારમાં લગભગ ૩૦૦ કરતા વધારે લોગો રજીસ્ટ્રેશન કરાયું હું જ્યારે નબળા નેટવર્ક કનેકટીવિટીના લીધે માત્ર ૧૫૫ વિદ્યાર્થીઓએ આ વેબીનારમાં જોડાઈ શક્યા હતા.

અને વિશેષ મોટા પ્રમાણમાં ગૂજરાત વિધાપીઠ હેઠણ ગામડાઓમાં કામ કરતા ગ્રામશિલ્પીઓએ જોડાયા હતા અને સરસ પ્રશ્નોત્તરી પણ કરી હતી અને આ યોજના વિશે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી હતી અને તેમના બધાજ પ્રશ્નોના નિરાકરણ અને સંતોષકારક જવાબો ડૉ. અજયભાઈ પરીખ - સંયોજક, SSIP, ગૂજરાત વિધાપીઠે આપ્યું હતું કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ અને ડૉ. પ્રવીણભાઈ દુલેરાએ કર્યું હતું જયારે આભાર દર્શન ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ. અરુણભાઈ ગાંધીએ કર્યું હતું.



માતૃભાષાના મહિમાગાનને આલેખતું દરેક ગુજરાતીએ વાંચવું જોઈએ તેવું પુસ્તક

માતૃભાષાએ કેવળ ભાષા નથી. એ જે તે સમાજની સાંસ્કૃતિક ઓળખ છે. સમાજની જીવનરીતિ, ઉત્સવો, સંસ્કાર, સાહિત્યની તે સાચી ઓળખ કરાવે છે. તેથી જ આપણા જાણીતા કવિ તુષાર શુક્લ કહે છે કે, 'એક કવિ હૃદયની વાત...' રુપે તુષાર શુક્લએ આલેખી છે. તેમના મતે માતૃભાષા માટેનો ગૌરવબોધ સહુ પ્રતમ તો માબાપને હોવો જોઈએ. તે સાથે સમાજે પણ એનો મહિમા સમજીને સ્વીકારવો

'હું તો માનું છું કે તમે મને ભાષા સંભળઆવો ને હું તમને એ બોલતા સમાજ વિશે કહી શકીશ ને બહુધા હું ખોટો નહીં પડું. ફળ એના વૃક્ષનું સ્વાસ્થ્ય જણાવી જ દે.' તેમના જ ખુબ જાણીતા ગીતની પંક્તિ ઉપરથી પુસ્તકનું શિર્ષક આપવામાં આવ્યું છે તેની વાત કરું છું.

'ભાષા મારી ગુજરાતી છે?' લેખક હર્ષદ પ્ર શાહના આ પુસ્તકમાં 'ગુજરાતની અસ્મિતા : ગુજરાતની ભાષાથી શરૂ કરી મણકો ૧ થી ૨૫માં જે લેખો સમાવવામાં આવ્યા છે તે ગાંધીનગર સમાચારમાં પ્રગટ થઈ ચૂકેલા છે જે લેખોનો એક સંપુટ પુસ્તક રુપે પ્રાપ્ત થયો છે. પુસ્તકની પ્રસ્તાવના અસ્મિતાની ઝાંખી લેખક આપણને જુદાં જુદાં ઉદાહરણો સહિત કરાવે છે.

તે પછી માતૃભાષાના ચિંતન રુપે વૈશ્વિકતાની પૂર્વશરત - માતૃભાષા, માતૃભાષાના પાયા પર સિદ્ધિઓની ઈમારતો, માતૃભાષાનો વિચાર, આત્મ ગૌરવ અને રાષ્ટ્ર ગૌરવ જન્માવે છે. શિક્ષણના ઉદ્દેશની પરિપૂર્તિ માતૃભાષા શિક્ષણ, શિક્ષણમાં અંગ્રેજી કે અંગ્રેજીમાં શિક્ષણ જેવા પ્રશ્નો પણ ઊભા કરવામાં આવ્યા છે. અને જ્ઞાનની ગુરુ ચાવી ગ્રહણ શક્તિ માટે માતૃભાષાની ઉપયોગીતા બતાવવાનો લેખકનો પ્રયાસ છે. તેમને મનમાં

કયાંક શંકા પણ છે કે અંગ્રેજીના વાયરાની લૂ રાષ્ટ્રના સ્વાભિમાનને દઝાડશે! પણ તે માટે માતૃભાષા અને સંસ્કૃતિ વચ્ચેનો અભિન્ન સંબંધ બંધાવો જોઈએ તેમ લેખક માને છે, કેમ કે ખરી કેળવણીનું માધ્યમ તો માતૃભાષા જ છે. તેમાં ભાષાનું વ્યાકરણ જડતા તરફ નહીં પણ ચૈતન્ય તરફ દોરી જાય છે. ત્યારે મૌલિકતા અને સર્જનશીલતાને માતૃભાષા ખીલવે છે, કેમ કે ભાષાએ સંસ્કૃતિની વાહક છે. પરંતુ આજે પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે ગુજરાતી ભાષા એના ભાષકોને શોધી રહી છે. માતૃભાષા અને શિક્ષણ વચ્ચે ખાઈ સર્જાઈ છે. બાળક, બાળપણ અને માતૃભાષા વચ્ચેનો તંતુ નબળો પડ્યો છે.

ત્યારે કેટલાક ભાષાવિદોને એમ લાગે છે કે ગુજરાતી ભાષા લુપ્ત થવાને આરે છે? આ પ્રશ્નોનો ઉત્તર એ વાત પર લેખકે ભાર મૂક્યો છે. માતા જાગશે તો બાળક સોળે કલાએ ખીલશે, બાળક વિકસશે તો પરિવાર અને રાષ્ટ્ર સુખી અને સમૃદ્ધ થશે.

'ભાષા મારી ગુજરાતી છે!' ના લેખક હર્ષદભાઈ શાહ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના સ્થાપક, ઉપાધ્યક્ષ છે. ઉપરાંત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરના કુલપતિ છે. લેખકનું સાહિત્યિક અને શૈક્ષણિક પ્રદાન ખુબ મોટું છે. તેમાં ચિંતનાત્મક, ઐતિહાસિક અને ચરિત્રલેખન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ કાર્ય કરેલું છે. તેમજ હાલમાં અનેક પ્રકારના દાયિત્વો તેઓ ખુબ જ સુંદર, સંનિષ્ઠા અને ઉત્સાહપૂર્વક નિભાવી રહ્યા છે. આ પુસ્તક તેમની ઉજ્જવળ કારકિર્દીમાં એક મોરપીંછ સમાન છે. જેને આવકારું છું અને લેખક શ્રીને અભિનંદુ છું.

ભાષા મારી ગુજરાતી છે! (લેખ સંચય)
લેખક - હર્ષદ પ્ર. શાહ
પ્રકાશક - ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯
કિંમત : રૂ. ૧૦૦!

જન્મદિને વધામણી

કાંતિભાઈ એમ શર્મા
ફોટોગ્રાફર, ફિલાટેલિસ્ટ
મો. ૯૪૨૬૬ ૨૪૪૯૧

લીનાબેન દેસાઈ
લાયોનેસ ક્લબ

સરોજબેન પંડ્યા

ખુશી એસ પટેલ

અયાન નિશાંત ઠાકર
મો. ૯૯૯૮૭ ૨૭૭૫૭

અક્ષર મયંકકુમાર જોષી

દીપાબેન
મૌલિકકુમાર શાહ

દિવ્યરાજસિંહ
પ્રકાશસિંહ વાઘેલા
મો. ૯૮૨૪૩ ૭૫૦૫૩

નવ્યા એચ ગોર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક